# પરિશિષ્ટ : 3 'લાઈટહાઉસ'- એક રહસ્યગાથા- પ્રકાશિત થયેલ શોધપત્ર

પ્રયાસ An Extension...
(A Peer Reviewed Literary e-Journal)
https://prayas.ind.in

- લેખઃ ૪.

'લાઇટહાઉસ' એક રહસ્યગાથા : માનસી જયસ્વાલ

પત્રકાર અને લેખક એમ બંને પ્રકારની છબી ધરાવતા ધૈવત ત્રિવેદી તેમની લોકપ્રિય નવલકથાઓ દ્વારા લોકપ્રિય લેખક તરીકે જાણીતા છે. ૬૪ સમર હિલ, મેકિલન એસ્ટેટ, રમેશાયણ, લાઇટહાઉસ જેવી રસપ્રદ નવલકથાઓ તેમની પાસેથી પ્રાપ્ત થઈ છે. અત્યારે પણ તેઓ ધારાવાહિક નવલકથા તેમજ અન્ય પ્રકારના લોકપ્રિય લખાણોમાં કાર્યરત છે. એક પછી એક રહસ્ય ઊભા કરી, વાચકને જકડી રાખવામાં ધૈવત ત્રિવેદી પારંગત જણાય છે. તેમની આ ખૂબી 'લાઇટ હાઉસ' નવલકથામાં પણ જોવા મળે છે. ૩૭૫ પૃષ્ઠ ધરાવતી આ નવલકથાનું શીર્ષક જ કથાનું સૌથી મોટું અને મુખ્ય રહસ્ય છે. વિરમે રાવીને આપેલો શબ્દ 'લાઇટહાઉસ'નો કોયડો ઉકેલવા રાવી સિવાય કથાના અન્ય ઘણાય પાત્રો અને તેમની સાથે વાચકો પણ મથી રહ્યા છે. પરંતુ લાઇટહાઉસ એટલે શું ? કઈ જગ્યા ? એ શોધવા જેમ કથાના પાત્રો આંધળી દોટ મૂકે છે અને એક પછી એક ઘટનાઓ બનતી જાય છે, તેમ વાચક પણ કેટલીય ધારણાઓ પછીય તેના સાચા અર્થની કોઈ કલ્પના કરી શકતા નથી. અંતે લાઇટહાઉસ એટલે દીવાદાંડી સમજી બેઠેલા કથામાં નિરૂપિત પાત્રો અને વાચકોને લેખક અલગ જ લાઇટહાઉસમાં પ્રવેશ કરાવે છે. અને આત્મજ્યોતિ આશ્રમમાં પહોંચીને આ 'લાઇટહાઉસ' શબ્દની મથામણ પૂરી થાય છે. આમ, કથાનું શીર્ષક આખીય નવલકથામાં યાત્રા કરે છે અને રસપ્રદ બની સાર્થક નીવડે છે.

રહસ્ય, ખૂન, બળાત્કાર, આત્મહત્યા, મારામારી, ચોરી, લૂંટફાટ, કાવતરા-ષડયંત્રો, પ્રણય-ત્રિકોણ, અપહરણ, ખુલ્લા જાતીય વર્ણનો, વગેરે જેવા તત્વો લોકપ્રિય નવલકથાઓમાં મોટેભાગે જોવા મળે છે. આવા તત્વોને આધારે મસાલેદાર ઘટનાઓ કથાને રસપ્રદ બનાવે છે. જેને કારણે વાચક કથા સાથે જકડાયેલો રહે છે. ખાસ કરીને રહસ્ય વાચકમાં કુતૂહલ જગાડે છે. આગળ શું થશે? તેની તાલાવેલી વાચકને જકડી રાખે છે. અંતમાં જ્યારે રહસ્ય પરથી પડદો ઊઠે ત્યારે જ વાચકને હાશકારો અનુભવાય છે. આ નવલકથામાં પણ અનેક નાની મોટી રહસ્યમય ઘટનાઓ જોવા મળે છે.

નવલકથાની શરૂઆતમાં જ કેટલાય રહસ્યમય પ્રશ્નો ઊભા થાય છે. વિરમ રાજદેવ એક I.P.S. ઓફિસર હોવા છતાં પોલીસ દ્વારા તેનું અપહરણ કરવામાં આવ્યું ? વિરમ જો કોઈ ગુના હેઠળ ફરાર હતો

તો તેની ધરપકડને ખાનગી રખવામાં કેમ આવી ? પચાસ હજાર કરોડની વાતમાં કેટલું તથ્ય હતું ? સુમરા અને અભિના સંવાદ દ્વારા જાણ થાય છે કે પચાસ હજાર કરોડ મેળવી વિરમ, રાવી, સાહા, બિહોલા અને અન્ય કેટલાક લોકોએ દેશને પોતાની અપેક્ષા મુજબ ઘડવાનું સપનું સેવ્યું હતું. તો એવું તે શું બની ગયું કે સાહાનો ખાસ કહેવાતો વિરમ જ તેનો દુશ્મન બની બેઠો ? વિરમ, સાહા અને બિહોલાના કયા સત્ય સુધી પહોંચી ગયો હતો, જેના કારણે તે તરત જ લાપતા થઈ ગયો? દયાલ, સાહા અને વિરમે એવું શું કર્યું હતું જેના કારણે રાજાવત ગુસ્સે ભરાયો હતો ? વિરમની ધરપકડ અને તેની દેખરેખનું કામ સાહાએ રાજાવતને સોપ્યું હતું તો તે પાછળના ઉદ્દેશ્યથી રાજાવતને કેમ અજાણ રાખવામાં આવ્યો હતો ? અભિ અને સુમરો વિરમને શોધવા માટે માનસિંહ મહાલ મિશનમાં પ્રવેશે છે ત્યારે ત્યાં કોણ હતું ? અને અંધારામાં ધાબળામાં લપેટીને તે લોકો કોને ઊચકી લાવ્યા હતા ? એ વ્યક્તિ અચાનક ગાડીમાંથી ક્યાં ગાયબ થઈ ગયો ? આવા નાના રહસ્યો મર્યાદિત સમય પૂરતા આવે છે. તે પણ કથાને રસપ્રદ અને રોચક બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. બે ત્રણ પૃષ્ઠ પછી મોટેભાગે આ રહસ્યનો સ્ફોટ થાય છે. ધાબળામાં લપેટેલ તથા ગાડીની ડેક્કીમાંથી ગાયબ થયેલ વ્યક્તિ કર્નલ પ્રતાપસિંહની પુત્રી, વિરમની સાથી રાવી જામવાલ હોય છે. હવે આ રાવી કોણ છે ? તેના ભૂતકાળના આલેખનમાં તેના પિતા સાથે સંકળાયેલા પ્રશ્નો રાવી અને વાચક બંને માટે અંત સુધી અનુત્તર રહ્યા છે. શું કર્નલ પ્રતાપસિંહ ગદ્દાર હતો ? ખરેખર, તેમનો સંપર્ક આતંકવાદીઓ સાથે હતો ? કે પછી એ પણ મેજર બિહોલાના ષડ્યંત્રના શિકારી હતા ? અંતમાં બિહોલાની રાવી સમક્ષ કરેલી કબૂલાત દ્વારા ખ્યાલ આવે છે કે બિહોલા અને કર્નલ પ્રતાપ હથિયારોની લેન-દેન દેશનું તંત્ર સુધારવા માટે કરી રહ્યા હતાં અને પોતાના પિતા તેમા શહીદ થયાં. જોકે આ બિહોલા દ્વારા ઉપજાવેલ રાવીના મનનો ભ્રમ હતો. હકીકતમાં વિરમની જેમ બિહોલાએ કર્નલ પ્રતાપસિંહને અંધારામાં રાખી ષડયંત્રમાં જોડ્યા હતા. અને સત્ય પકડાતાં કર્નલ પ્રતાપસિંહની હત્યા કરી નાખી હતી. આ ઉપરાંત જ્યારે અભિ, રાવી અને સુમરાની ત્રિપુટી વિરમને છોડાવવાના મિશનમાં સફળ થાય છે ત્યાં સુધી એટલે કે નવલકથાના મધ્યભાગ સુધી દરેક ષડયંત્ર પાછળ મુખ્ય માણસ દયાલ સાહા જ નજરે પડે છે. પરંતુ સાહા પણ કોઈનો ઓર્ડર ફોલો કરે છે. આ રહસ્યની જાણ થતાં એ માણસ કોણ હશે ? એ જાણવાની ઉત્સુકતા સાથે કથા આગળ વધે છે. લાઇટહાઉસ વિશે ફક્ત વિરમ જાણે છે. પણ તે બેભાન અવસ્થામાં છે. નવલકથાના મધ્યભાગમાં બાવાપીરની દરગાહે મળેલા મુંજાવર પાસેથી આ રહસ્ય ઉકેલવાની શરૂઆત થાય છે. ડગલે ને પગલે લાઇટહાઉસ એટલે શું

? એ જાણવાની આશા રાખતા વાચકને લાઇટહાઉસ હોટલ, દીવાદાંડી, રોશબુઝ જેવી ઘણી જગ્યાની મુસાફરી લેખક કરાવે છે. અંતે એક અણધાર્યો અર્થ સામે આવે છે. મળેલા સંદેશા મુજબ ૩ કુંડાળાં અને લાઇટહાઉસ શબ્દ તે દીવાદાંડી નહીં, પરંતુ આત્મજ્યોતિ આશ્રમ હોય છે. જ્યાં અનાયાસે રાવી અને અભિ પહોંચી જાય છે. ત્રણ કુંડાળાં એટલે એક દીવડાનું વર્તુળ, તેની અંદર બીજા અને તેની અંદર ત્રીજા દીવડાનું વર્તુળ એમ ત્રણ કુંડાળાં વચ્ચે જ્યોત ઝબકતી હતી અને બાજુમાં લખ્યું હતું 'આત્મજ્યોતિ આશ્રમ'. આ જ પાટિયું – જ્યાં ખજાનાનો રસ્તો છુપાયેલો છે. પરંતુ રાવીના મોબાઇલમાંથી લીક થયેલ આ નકશો તેમના મિશનનો દુશ્મન બની જાય છે. બિહોલા આ નકશાને આધારે તેમજ એક આર્મી ઓફિસર હોવાને કારણે આ એંક્રીપ્ટેડ મેપને ઓળખી રાવી, અભિની પાછળ પાછળ ખજાનાની જગ્યાએ પહોંચી જાય છે.

આ નવલકથામાં લેખકે દરેક પાત્રોને બરાબર રીતે ચમકાવ્યા છે. કોઈ પણ પાત્ર વધારાનું કે કામ વગરનું નથી. આઈ.પી.એસ. ઓફિસર વિરમ રાજદેવ આખીય કથામાં પ્રત્યક્ષ રીતે ખાસ જોવા મળતો નથી. છતાય તેને કથાનાયક ગણાવી શકાય તેવું ચિત્રણ કરવામાં આવ્યું છે. તેમજ પત્રકાર અભિમન્યુ રાવ, કર્નલ પ્રતાપસિંહની પુત્રી રાવી જામવાલ, શાર્પશૂટર અભરામ સુમરો, હોમમિનિસ્ટર દયાલ સાહા, રાજાવત, મેજર બિહોલા વગેરે કથાના મુખ્ય અને અવિરત પાત્રો છે. અહીં, વિરમ, અભિ, રાવી અને કર્નલ પ્રતાપસિંહ જેવા પાત્રો સત્ય, ત્યાગ, બલિદાન તેમજ દેશભક્તિ જેવા ગુણો ધરાવે છે. દયાલ સાહા અને મેજર બિહોલા જેવા લાલચી, દગાખોર પાત્રો પણ જોવા મળે છે. તો હમેશા ચમચાગીરી કરે અને દગાખોરી કરે તેવા રાજ્યો હારામી પણ જોવા મળે છે. પેશ્વાના સમયના વિરમ દ્વારા શોધાયેલ ખજાનાની આજુ બાજુ દરેક પાત્રએ પોતાનું વ્યક્તિત્વ, દરેક પરિસ્થિતિએ પોતાનું રૂપ અને દરેક ઘટનાએ પોતાનું પરિણામ આપ્યું છે. દોઢ સદી પહેલાના ખજાનાને ભેજાબાજ વિઠ્ઠલરાવે સાચવ્યો હતો. દોઢ સદી પછી તેને વિરમે શોધી કાઢીને પોતાની કાબેલિયત પૂરવાર કરી હતી. પરોક્ષ રીતે કથાનાયક વિરમને ગણાવીએ તો પ્રત્યક્ષ કથાનાયક અભિમન્યુનો અભિનય પણ પાછો પડે તેમ નથી. પત્રકાર અભિમન્યુએ સત્ય સુધી પહોંચવા ગદ્દારીનું કલંક પણ ભોગવ્યું. તેમજ ઘણે ઠેકાણે તેની બુદ્ધિ દાદ માંગી લે તેવી છે. રાવી જ્યારે વિરમના કોડવર્ડ ગેસનો બોટલ, પ્રિંટવાળો શર્ટ, બીયર વગેરેની ચર્ચા કરે છે. ત્યારે અભિ જ ધ્યાન ખેંચે છે, કે વિરમના દરેક કોડવર્ડ શબ્દ કરતાં કઈક અલગ જ અર્થ ધરાવતા હોય તો લાઇટહાઉસ એટલે દીવાદાંડી કેવી રીતે હોઇ શકે ? અને અંતમાં તેની આ વાત સાચી પુરવાર થાય છે. રાવી પણ ગોળી વાગ્યાનો

જખમ અને અંતે બિહોલાને કારણે શરીરમાં થયેલા અઢળક જખમો ખૂબ બહાદુરીથી સહન કરે છે. અને દરેક પરિસ્થિતિ સામે લડી તે અને અભિ તેમના લક્ષ્ય સુધી પહોંચે છે. અલબત્ત, સુમરો, સિસ્કો ડેલગાડો, વગેરે જેવા સાથીને ગુમાવવા પડે છે. તથા વિરમ પણ મારને કારણે કોમામાં પહોંચી જાય છે. અભરામ સુમરો પણ ખૂબ હોશિંયાર, બહાદુર અને પહોંચેલ વ્યક્તિ છે, જેની મદદ વગર અભિ અને રાવીની બહાદુરી નકામી નીવડે તેમ હતી. તો રાજાવાત પણ હિંમતવાન અને બહાદુર ઓફિસર હતો. પરંતુ તેનો ગુસ્સો અને બળથી કામ લેવાની આદતે તેનો જીવ લીધો.

આ ઉપરાંત અભરામનો સાગિર્દ ઈન્તાઝ, કર્નલ પ્રતાપસિંહનો જમણો હાથ પ્યારેલાલ, રાજાવતનો બાતમીદાર મદદઅલી, હરભમ, ઝરીન, મુંજાવર, સેવંતીલાલ, સિસ્કો, સદાસિવહર્ણે, રાજ્યો ગદ્દાર વગેરે જેવા પાત્રોએ પણ નાની ઘટનાઓને મુખ્ય ઘટના સાથે જોડી કથાને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

અહીં ઘણા કાવતરા-ષડયંત્રો રચાયા છે. અપહરણ, ખૂન, એક્શન, ચોરી જેવા તત્વો જોવા મળે છે. બિહોલા કર્નલ પ્રતાપસિંહ અને વિરમ, રાવી જેવા ભોળા માણસોનો ફાયદો ઉઠાવે છે. અને દેશને વફાદાર હોવા છતાં અજાણપણે દેશની સાથે ગદ્દારી કરાવડાવે છે. ૫૦,૦૦૦ કરોડના ખજાનાની લાલચે કેટલાય કાવાદાવા રમી કેટલાય લોકોની બલી ચડાવે છે. વિરમનું અપહરણ તેમજ કથામાં જૂના કિસ્સાઓની ચર્ચા વખતે થયેલા મર્ડર અને એંકાઉંટર, જેમાં જૂસબનું એંકાઉંટર, કેરળના એક સાયંટિસ્ટનું ભેદી મર્ડર, ગુપ્તા બ્રધર્સની મદદથી કાશ્મીરમાં કરાવેલા હુમલા તેમજ કથામાં બિહોલાએ કરેલી કર્નલ પ્રતાપની હત્યા, માનસિંહ-મહાલ દૃશ્ય, માટીયાવાડમાં થયેલ ગોળીબાર, કોટાસની બંગલીમાં રહેલ ત્રિપુટી તથા સામે પક્ષે બિહોલા અને તેના માણસો વચ્ચે થયેલી જંગ, બોમ્બના ધડાકા, સતત ચાલતો ગોળીબાર... આવા દૃશ્યો એક્શન ફિલ્મોના દૃશ્યોની જેમ રચાયા છે. જેમાં અભરામ, સિસ્કો, રાજાવત, બિહોલા, દયાલસાહા વગેરે લોકો મોતને ભેટે છે.

નવલકથામાં પ્રણય, આકર્ષણ અને રાજાવત જેવા પાત્ર દ્વારા હવસનું વર્ણન પણ આલેખિત છે. અહી રાવીની વાતોમાં તેનો વિરમ માટેનો પ્રેમ અને તેના માટેની ચિંતા નજરે પડે છે. તથા મારામારી કરતી, કોઈને ગોળીથી ઉડાવી દેતી તો ક્યારેક પોતે ગોળીનો ઘા ઝીલતી બહાદુર રાવી પ્રત્યે અભિમન્યુનું આકર્ષણ અને પ્રેમ જોઈ શકાય છે. ખજાનાના આટલા મોટા મિશનની રઝળપાટ પછી રાવી અને અભિમન્યુ તન-મનથી એક થવા

માંગે છે. ત્યારે લેખક બંને વચ્ચેની રોમેન્ટીક ક્ષણનું વર્ણન કરવાનું ચૂક્યા નથી. "...અને ફફડાટનો એ સૂર રાવીના ભરાવદાર સ્તનો વચ્ચે માથું ઘસી રહેલા અભિને તેની ધડકનના તાલમાં પડઘાતો હતો. રાવીની ગોરી ગરદન પર, ખભા પર, સ્તનોના માદક ઉભરમાં અભિના હોઠની તલ્લીનતા બેકાબૂપણે છપાતી રહી અને મહિનાઓના સંસર્ગ પછી જાગેલો ઉન્માદ તેના હાથની ભીંસ બનીને રાવીના એક-એક માંસલ, નરમ વળાંક પર ફરતો રહ્યો... એ ફફડાટમાં પલંગની હળવી કિચૂડાટી ભળી રહી હતી અને એ એકધારા મધ્ધમ અવાજના લયમાં રાવીના અસ્ફુટ ઊંહકારા ઓરડામાં પથરાઈ રહેલા આછા અંધારાને રોશન કરી રહ્યા હતા." (પૃષ્ઠ. ૩૭૫). જોકે લેખક આ રોમેન્ટીક ક્ષણને અંતે રમૂજભરી બનાવી દે છે. "તેનું શરીર તીવ્ર પણે તંગ થયું. બંધ આંખોની ભીતર હજાર દીવડાનો ઉજાસ રેલાયો અને ગરદન ઝાટકીને તેના હોઠમાંથી અજાગૃત મન વડે દોરવાયેલા અસંબદ્ધ શબ્દો સરી પડ્યા,'વિરમ... વિરમ... અને ફરી એક વખત વધુ એક અભિમન્યુ સાતમા કોઠે ફસકાઈ પડ્યો." (પૃષ્ઠ. ૩૭૫)

આ ઉપરાંત જંગ દરમિયાન રાવી અભિ ઉપર પછડાય છે ત્યારે, બિહોલાને કારણે કાંટાળી જગ્યા પર પછડાય છે ત્યારે, કે રાવીના દેખાવનું વર્ણન થયું હોય ત્યારે, શરીરના અંગોનું તેમાંય ખાસ કરીને સ્તન વિશેનું આલેખન થયેલું છે, "તેના ભરાવદાર શરીર સાથે ચસોચસી વીંટડાઈ વળેલા લોંગ ટોપમાથી છલકાતા સ્તનોના તંગ ઊભાર, ભીંજાયેલા જિન્સ સાથે કસોકસ ચંપાઈ ગયેલાં માસલ નિતંબ, ચુસ્ત જાંઘો, લથબથ વાળમાંથી ટપકીને ગાલ પરથી વહી નકશીદાર ગરદનના વળાંકમાં અટવાઈ જતા પાણીના બુંદ...!" (પૃ. ૩૧૧)

આ નવલકથામાં જગ્યા, વસ્તુ, વ્યક્તિ દરેકનું વર્ણન વિસ્તૃત રીતે બારીકિભર્યું કરવામાં આવ્યું છે. પાત્રના દેખાવ એ રીતે વર્ણવ્યા છે કે તેમનું ચિત્ર મન-મગજમાં સાક્ષાત ખડું થઈ જાય. એ જ રીતે સ્થળ અને ઘટનાનું આલેખન પણ એવું જ છે. કોણ કેટલા અંતરેથી બંદૂક ચલાવે છે, બરાબર કઈ જગ્યા ઉપર બોમ્બ ઝીંકાયો, ક્યાં હથિયારોનો કેવી રીતે ઉપયોગ થયો. એ સિવાય ખજાનાનો નકશો, ત્યાં સુધી પહોંચવાનો રસ્તો, સંભવિત મુશ્કેલીઓ, આ દરેકના વર્ણનમાં લેખકની પુરેપૂરી મહેનત અને મથામણ નજરે પડે છે. જેથી વાચક બે પૂંઠા વચ્ચેથી બહાર નીકળી કથાની દરેક જગ્યાએ યાત્રા કરી આવે છે.

અહીં રોજ જીવાતા જીવનમાં વપરાતી એટલે કે સમજી શકાય તેવી ભાષાનું આલેખન થયું છે. જેમાં 'હોલ્ડ યોરસેલ્ફ, કંટ્રોલ, બી કૂલ, નોટ ઇવન ટૂડે, સમથીંગ ઈઝ રોંગ, ઈટ મે કન્સર્ન વિથ નેશનલ સિક્યોરિટી,

એન્ડ ફાઇનલી આ કોંક્રીટ મોટિવ શૂડ બી ધેર, સોરી માય ડિયર, પ્લીઝ હેવ સીટ, કોંપ્લિકેશન્સ, મેટ યૂ ચેક ઈટ સર, યાહ એમ હીયર ઓનલી, યુ આર અ સર્ટીફાઇડ ટેરરિસ્ટ નાવ, માઇન્ડ યોર જોબ ઓન્લી, વગેરે જેવા ઘણા બધા અંગ્રેજી શબ્દો તથા વાકયોનો ઉલ્લેખ જોવા મળે છે.

આમ, જુદા જુદા ઈરાદા સાથે એક જ લક્ષ્યની શોધ એટલે લાઇટહાઉસ ની આ કથા રોચક અને એક જ બેઠકે વાંચી જવાનું મન થાય તેવી રસપ્રદ નવાકથા છે.

સંદર્ભપુસ્તક :

૧.'લાઈટહાઉસ' - ધૈવત ત્રિવેદી, સાર્થ પ્રકાશન અમદાવાદ, પુનઃમુદ્રણ ૨૦૧૯

જયસ્વાલ માનસી, પીએચ.ડી. વિદ્યાર્થી, ગુજરાતી વિભાગ, આર્ટ્સ ફેકલ્ટી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા – 390002, મો. નં. ૭૮૦૨૮૮૧૨૮૪

https://prayas.ind.in

## પરિશિષ્ટ : 4 'લાંબી સફર ટૂંકી જિંદગી' નવલકથામાં લોકપ્રિયતાનો તત્ત્વોનો અભ્યાસ

- **વિઠ્ઠલ પંડ્યા**

જ્યારે ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તા અને નવલકથાનો મધ્યાહન તપતો હતો ત્યારે જે નામો ચમકી રહ્યા હતા એમા વિઠ્ઠલ પંડ્યાનું નામ મોખરે ગણાય છે. તેમણે 'જખમ પડે એ જાણે'!,'હંસા પ્રિત ન કીજિયે','ચરમસીમા','મોહપાસ','જીવાદોરી','ગોપી','ઝનૂન' વગેરે જેવી ૪૯ જેટલી નવલકથાઓ લખી છે તેમજ ૧૦ જેટલી નવલિકાઓ પણ આપી છે.

### નવલકથાઓ :

જખમ પડે એ જાણે! * હંસા, પ્રિત ન કીજિયે * ચરમસીમા * મોહપાશ * જીવાદોરી * ગોપી * ઝનુન * ચક્રવ્યૂહ * સુખની સરહદ * નૈન વરસ્યા રાતભર * યાદોનાં ભીના રણ * શમણા તો પંખીની જાત * એક ચહેરો અંદર * લોહીનો બદલાતો રંગ * લાંબી સફર, ટૂંકી જીંદગી * અહીં તરસ, ત્યાં વાદળી * આખું આકાશ મારી આંખોમાં * સાવ અચાનક * હજીયે તું સાંભરે છે * માણસ હોવાની મને બીક * બુકાની બાંધેલા રસ્તા * મને એક સાંજ આપો * લીલાં સૂકાં સપનાં * ભીંતો વિનાનું ઘર * હથેલીમાં ચાંદ * સંબંધોની દુનિયા * આ ભવની ઓળખ * પ્રતિકાર * ચહેરા કોના દર્પણમાં? * શૂળી ઉપર સેજ હમારી * સાત જનમના દરવાજા * આંખ ઝરે તો સાવન * ગજગ્રાહ * પાનખરનાં ફૂલ *લોહચુંબક * રૂપજ્વાલા * પ્રપંચ * રૂંવે રૂંવે આગ * દર્દ ન જાને કોય * ફૂલને વાગ્યા કાંટા * નિષ્કલંક * મન મેલા તન ઊજળાં * જંતરમંતર * ડંખ * હારજીત * ચિરપરિચિત * લાંછન * કંચનવર્ણી નજરબંધી * મન, મોતી ને કાચ * મીઠાં જળનાં મીન

### નવલિકાસંગ્રહો :

* અંજળપાણી * નહીં સાંધો, નહીં રેણ * આસક્તિ * નિરુત્તર * જખમ * રસિકપ્રિયા * લજામણી * ફાલ્ગુની * અંગૂઠા જેવડી વહુ * રોહિણી

### પરિચય પુસ્તિકા :

* ગુજરાતી ફિલ્મોના પાંચ દાયકા

**સંસ્મરણો :**

* અસલી નકલી ચહેરા * સપનાંના સોદાગર

**સંપાદન :**

* યાદ

**આત્મકથા :**

* ભીંત ફાડીને ઊગ્યો પીંપળો

તેમની જ એક નવલકથા એટલે ‘લાંબી સફર ટૂંકી જીંદગી’ જેને એક લોકપ્રિય નવલકથા તરીકે જોઇએ.

કહે છે કે એમની કોઇ પણ નવલકથામાં માનવજીવનની કરુણાનું દિવ્યદર્શન થયા વિના રેહતું નથી. એજ રીતે આ નવલકથામાં નાયિકા વિદુલા ઉર્ફે મોહિનીના કરુણ જીવનની કથા એક પછી એક નાની મોટી ઘટનાઓ સાથે આકાર પામતી જાય છે.

આ નવલકથામાં લોકપ્રિયતાના ઘણા તત્ત્વો એવા પણ છે જે વાચકને જકડી રાખવામાં સફળ થયા છે, અહીં રોચકતા, કૂતુહલ, જિજ્ઞાસા, રહસ્યો, સંબંધોની માયાજાળ, લાગણી, પ્રણય, આકર્ષણ, પ્રણય ત્રિકોણ, છળ-કપટ, આત્મહત્યા, મારામારી, ખૂન, કિડનેપીંગ દરેકનું મિશ્રણ કરી દરેક ઘટના એકબીજા સાથે સહેલાઇથી જોડાઈને આગળ વધતી જાય છે. વાચક કથા વાંચે ત્યારે તેની આંખ સામે એક ફિલ્મ રજુ થતી હોય તેમ લાગે છે અને જેમ ફિલ્મમાં વાસ્તવિકની સાથે સાથે કાલ્પનિક દ્રશ્યો પણ આપણે જોઇએ છીએ તેમ આ નવલકથામાં પણ અમુક ઘટના કાલ્પનિક જાણે કે કોઇ ફિલ્મના અવિશ્વસનીય દશ્ય જેવી જણાય છે.

નવલકથાની શરૂઆત પાતળી, ઊંચી, સુંદર દેખાતી જુવાન વિદુલાની વેદનાથી થાય છે અને અંત પણ તેની વેદનાભરી કરુણ સ્થિતિ સર્જાઇને થાય છે. પિતાની આબરું અને જીવ બચાવતા વિદુલા પોતાના પ્રેમી પારસને છોડીને પિતાએ પસંદ કરેલા નિતિનને પરણવા રાજી તો થાય છે, પરંતુ સ્ત્રી સહજ એનું મન પારસને છોડવા તૈયાર થતું નથી અને તેની નાદાન બુદ્ધિ સાથે તે પારસના અધૂરા પ્લાન સાથે તેના કહ્યા પ્રમાણેના જીવનમાં પગ મૂકે છે અને ત્યાંથી તેની કસોટીઓનો પાર રહેતો નથી.

આરંભે જ વિદુલાને શું કરવું હશે, કોની સાથે પ્રેમ હશે? તે નિતિન સાથે લગ્ન કરશે કે પારસ સાથે ભાગી જશે જેવા નાના નાના રહસ્યો વાચકની ઉત્સુકતામાં વધારો કરે છે, કૂતુહલ જગાડે છે. ત્યારબાદ પારસનો અધૂરો પ્લાન વિદુલાની સાથે સાથે વાચક માટે પણ રહસ્ય બની રહે છે. જોકે નિતિન સાથે મધુરજની કરવા પારસ વિદુલાને ના પાડે છે. એટલે તે એને ભગાડી જશે એ અંદાજ તો આવી જાય છે. પરંતુ આ કામ એ લગ્ન પહેલા પણ કરી શકતો હતો તો લગ્ન પછી ભગાડી જવા પાછળ એનો ઇરાદો રહસ્યમય રહે છે. જે આગળ જતા તે વિદુલાના ઘરેણા વેંચી દેવાની બાબતે ખૂલે છે. આમ, પારસનું પાત્ર તો રહસ્યમય જ છે. વિદુલાને ભગાડી લઇ જઇને આ રીતે હેરાન કરશે તેનો અંદાજો આગળ કરેલી મીઠ્ઠી વાતો પરથી જરાય આવતો નથી. ઘડીભરમાં તે એકદમ ક્રૂર બની જાય તો ઘડીમાં એકદમ નરમ. હવસખોર, પૈસાનો લાલચી જાણે વિદુલાને નહી, પરંતુ તેના રૂપ અને થોડાઘણા રૂપિયા, ઘરેણા ભગાડી લાવ્યો હોય તેમ જણાય છે. એની મોટી શેરો-શાયરી અને મોટી મોટી પ્રેમની વાતો બધુ ભૂતકાળ બની રહે છે. આ ઉપરાંત મનોહર મામાની ટોયઝ ફેક્ટરીમાં કોઇ ગેરકાનૂની કામ થાય છે એ એંધાણ લેખક મૂકી તો આપે છે પરંતુ તેના રહસ્યનો સ્ફોટ કથાના અંતભાગમાં પારસ તેમજ મદન તિવારી નામના પાત્ર દ્વારા થાય છે. એજ રીતે કથાના અંતે વિદુલા દ્વારા નિકુલને કહેવાતા છેલ્લા શબ્દો- "કદાચ મળાય, ન મળાય ફરીવાર, તો મને માફ કરજે, નિકુલ! માફ કરજે!"[૧] એમાં જ તેની આત્મહત્યાનું રહસ્ય છૂપાયેલું છે. આ ઉપરાંત ભોળી કહે તોય અને મૂર્ખી કહે તોય મનોહર મામાના સજ્જન મન પાછળ રહેલા દુર્જન મન તથા તેમના અને ફેક્ટરીમાં ચાલતા કારનામાઓનાં રહસ્ય વિદુલા ઉકેલી શકતી નથી.

પાત્રોની વાત કરીએ તો વિદુલા, પારસ, નિકુલ વગેરે જેવા મુખ્ય પાત્રો તો કથાને આગળ વધારે જ છે પરંતુ ગૌણ પાત્રો જેવા કે વિદુલાનો ભાઇ રમેશ, તેના માં-બાપ, જેઠ દિનાનાથ, ઇન્સપેક્ટર પૂરી, મરિયમ, નંદઠાકુર, ગંગા, શંભુ, અરુણાદેવી, શારદાદેવી તેમજ કસ્તૂરી અને ધન્નો જેવા નોકર પાત્રો પણ કથાને આગળ વધારવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સૌથી ઓછો ભાગ ભજવતું પાત્ર નિતિન પણ કથાની શરૂઆતનું બીજ બની રહે છે. પરંતુ અહી મુખ્ય પાત્ર તેમજ નાયિકા વિદુલાનું પાત્ર લેખકે વધારે પડતુ નબળુ તેમજ મૂર્ખ બતાવ્યુ છે. આખી કથામાં એ જીવનમાં શુ કરવા માંગતી હતી તે પોતે જ નક્કી કરી શક્તી નથી. નિકુલ અને તેના બાઇક અકસ્માત વખતે તેની બહાદુરી અને ચતુરાઇથી થોડી ઉપર આવે છે. પરંતુ અંતે પારસની હત્યા અને તેનુ મોત જોઇ પોતે આત્મહત્યા કરે છે ત્યાં એ પાત્ર પાછું નબળુ પડતુ જણાય છે. લગ્ન પહેલા અને લગ્ન પછીની તેની માનસિક સ્થિતિ સાવ બદલાયેલી જણાય છે. આખી કથા જાણે એની ડામાડોળ માનસિક સ્થિતિ વડે અથવા એના માટે જ સર્જાઇ છે. ઘર છોડવું પડ્યું. પારસનો માર ખાવો પડ્યો. જબરજસ્તી તેને શરીર સુખ ભોગવવા દેવું પડ્યુ, ઘર, પૈસા, ખાવા માટે આમ-તેમ વલખા મારવા પડ્યા, છતાંય નસીબ

જોગે કહો કે સંજોગ જોગે એના જીવનમાં નિકુલ જેવો વફાદાર છોકરો આવ્યો. જેને એ પ્રેમ પણ કરતી હતી. બધી રીતે એને તે સ્વીકારવા તૈયાર હતો. તેમજ કથાના અંતની સાથોસાથ તેની મુશ્કેલીનો પણ અંત આવ્યો હતો. તો પણ શા માટે એને આત્મહત્યા કરવી પડે? એ મારે મન તો હજુ જાણે રહસ્ય જણાય છે. કરુણા, દુ:ખ, વેદના વગેરેના પ્રવાહમાં અહી લેખક વધારે વહી ગયા હોય એમ લાગે છે.

કથામાં ઘણા કાવાદાવા ખેલાયા અને ષડયંત્રો રચાયા છે. પોતાની જ પ્રેમિકાને ફસાવીને ભગાડી લઇ જવાનું પારસનું ષડયંત્ર, ભણેલી વિદુલા પર પોણા લાખના ઘરેણા લઇ ભાગવાનો તેના જેઠ દ્વારા આરોપ અને તેના નામનું વોરંટ કાઢવાનું ષડયંત્ર, વિદુલાની લાચારી, મજબૂરી જાણી મનોહરમામા નોકરીના બહાને તેને લાલશેઠ જેવા સ્ત્રીભૂખ્યા માણસનું મનોરંજન પૂરુ પાડવા રાખે છે અને પોતાનુ કામ એ રીતે પૂરુ પડી જાય એના માટે મથે છે. ભરતપૂરના બાઇક અકસ્માત વખતે આધેડ વયના સોહનલાલ નામનો માણસ વિદુલા જેવી રૂપાળી સ્ત્રીને મદદ કરવાની જગ્યાએ તેનું અપહરણ કરી તેની સાથે શરીર સુખ માણવાનું ષડયંત્ર ઘડે છે અને વિદુલાને પોતાની લાટીમાં ગોવિંદ નામના ડ્રાઇવરની મદદથી પૂરી દે છે. આ ઉપરાંત, ચિસ્તી બાબાની દરગાહે પારસ અને નિકુલ વચ્ચેની મારામારી, પારસનું એક લંગડા તરીકે પાછુ આવવું, વિદુલાને ફરી જોઇ તેને પામવા માટે તેની સાથે બદલો લેવા માટે તેને મારી નાખવાની હદ સુધીનો પ્લાન બનાવી પારસ દિલ્હી ઉપડે છે. દિલ્હીમાં એક બાજુ મનોહરનાં ફેક્ટરીનું રહસ્ય ખબર પડતા પારસ અને મદન તિવારી તેને બ્લેકમેઇલ કરે છે. બીજીબાજુ વિદુલા તેમજ પોલીસ તેને શોધી રહી છે. પારસનો સિક્રીનો મિત્ર શંભુ, દિલ્લીમાં ડૉ.ગોઇલ, મનોહરમામાની ફેકટરી, નિકુલનુ ઘર, રાજેશ ગેસ્ટહાઉસ, મરિયમવાળી વસ્તી દરેક જ્ગ્યાએ આગળ પારસની તપાસ તો પાછળ પોલીસની પૂછપરછ, દોડાદોડી, મારામારી, બ્લેકમેઇલીંગ વગેરે જોવા મળે છે. પારસ અને મદનનું પોલીસ જીપ પાછળ આવતા રિક્ષા અકસ્માત અંતે સુખદેવ દ્વારા મનોહરનું ખૂન અને ત્યાર બાદ પોલીસના હાથે બધુ સપડાઇ જવું આ બધી કથાનાં અંત ભાગની ઘટનાઓ ઘણી રોચક અને જીજ્ઞાસા જગાડે તેવી રહી છે.

આ કથામાં પ્રણય કરતા આકર્ષણ વધારે જોવા મળે છે. નિકુલનાં વિદુલા પ્રત્યેના પ્રેમ સિવાય અન્ય પાત્રોમાં તો શરીર સુખ પૂરતા આકર્ષણ વધારે આલેખાયેલા છે. "નો નો! તૂ કોઇ સાથે "એંગેજ" નથી. તુ મારી છે ! તુ પારસની થવા સર્જાયેલી છે, વિદુલા ! વચન આપ મને આ દિવસ પછી તુ અન્ય કોઇનો વિચાર સુધ્ધા નહી કરે! વચન આપ! વિદુ નઇ તો હું આ ટેકરી પરથી કૂદકો મારી અબઘડી પ્રાણ દઇસ !"[૨] આવા પ્રણય ભર્યા પારસના વાક્યો વિદુલાને હોસ્પિટલમાં કણસતી મૂકી જતો રહે છે ત્યારે માત્ર ફીલસૂફીભર્યા બની રહે છે અને પૂરવાર થાય છે કે તેનો પ્રણય ફક્ત આકર્ષણ હતું. આ ઉપરાંત મિત્ર મદન તિવારીની પત્ની દુલારી પ્રત્યેનું પારસનું ખેંચાણ, દુલારીનું પણ

પતિ હોસ્પિટલમાં હોવા છતાં પારસ પ્રત્યેનું આકર્ષણ, બંને વચ્ચે ફકત બે રાત માટેનો સંબંધ, પહેલી જ નજરમાં સૂખદેવ શર્માનું વિદુલા માટેનું ખેંચાણ, લાલશેઠ તેમજ સોહનલાલ જેવા પાત્રોની ખરાબ દાનત આવી ઘણી આકર્ષક ઘટનાઓ વચ્ચે મુખ્ય કથા યોગ્ય રીતે આકાર પામતી જાય છે તથા દરેકની સામે નિકુલનો સાચો અને સચોટ પ્રેમ ઉપસી આવે છે. નિકુલનું સુવર્ણચંદ્રક યુક્ત 'ડિસ્ટર્બ બ્યુટી' ચિત્ર જેમા વિદુલાની વિક્ષિપ્ત અવસ્થાને તેને કેનવાસ પર ઉતારી છે. જે પ્રદર્શનમાં મુકાયુ ને એની મોં માગી કિંમત લોકો આપવા તૈયાર હતા. પરંતુ ચિત્રની નીચે મુકેલી કાપલી "નોટફોર સેલ!" એમાં જ તેની સારી નિયત અને વફાદારીનો પડછાયો દેખાય છે. નિકુલ અને વિદુલા વચ્ચેનો તમેથી - તું અને વિદુલાથી – વિદુ સુધીનો પ્રવાસ થોડો આકર્ષિત તો થોડો રોમાંચિત રહ્યો છે. પરંતુ ક્યાંય અન્ય પાત્રોની જેમ નિકુલને વિદુલાએ ઢીલ આપી હોવા છતા નિકુલે એનો ફાયદો ઉઠાવ્યો ન હતો. આ ઉપરાંત તેનો વિરોધી 'આર્ટ મૂવ્મેન્ટ'ના સહમંત્રી રઘુ શેટ્ટી જ્યારે વિદુલા માટે "બિભત્સ રંડી" જેવો અપમાનજનક શબ્દ વાપરે છે ત્યારે તે એની સાથે મારામારી કરી મૂકે છે, તેમજ નોકરાણી કસ્તુરી હોય કે પોતાની જ માં શારદાદેવી કોઇનેય વિદુલાનું અપમાન કરવા દેતો નથી અને પોતે પણ વિદુલા સાથે ગૃહત્યાગ કરવા તૈયાર થઇ જાય છે. આ ઉપરાંત પોતાની સામે વિદુલા ચિત્ર સિટીંગ માટે અર્ધનગ્ન અવસ્થામાં બેઠી હોવા છતાં તેનુ મન ડોલતુ નથી. એ જ્યા સુધી વિદુલાને પામવાનુ નક્કી નથી કરતો ત્યાં સુધી એની સાથે મિત્ર સિવાય કોઇ સંબંધ નથી બાંધતો. આમ, નિકુલનો વિદુલાને કરાતો પ્રપોઝ, તેના માટેની લાગણી, ચિંતા દરેક વાચકને તેમજ પ્રેમીને સ્પર્શી જાય તેવી છે. આમ, નિતિન સાથે લગ્ન, પારસ સાથે પ્રેમ, નિકુલ સાથે શરૂઆતમાં આકર્ષણ, પછી પ્રણય વગેરે ગૂંચવાડાઓને ઉકેલી કથા આગળ વધતી જાય છે અને સાથે–સાથે ભાવકને જકડતી જાય છે.

બીજી એક ખાસ નોંધ આ નવલકથામાં તેમજ અન્ય કોઇ પણ લોકપ્રિય નવલકથામાં હું કરું છું તે - અહીં જગ્યા, વસ્તુ, વ્યક્તિ, કોઇ પણનું વર્ણન એકદમ ઝીણવટપૂર્વક થયું હોય છે. જેમકે, અહીં બોમ્બે, મથૂરા, દિલ્હી, આગ્રા, લાલકિલ્લો, તાજમહેલ, ભરતપૂર, ચિસ્તી બાબાની દરગાહ, સિક્રી, મલબાર હીલની ટેકરી, દયાલ બાગનું મંદિર દરેક જગ્યાનું વર્ણન વિસ્તૃત રીતે થયેલું છે.

*** દૃષ્ટાંત :**

"અડીખમ, તોતિંગ અને મશહૂર કિલ્લો હજીય ઊંચા મસ્તકે આગ્રાની ઐતિહાસિક ધરતી પર ઊભો હતો! ઢાળ ચઢતા રસ્તે, સાત પ્રવેશદ્વાર વટાવી બંને જણ ઉપલી સપાટી પર ગયા અને અન્ય દર્શકોની સાથે અંદર વિશાળ મહેલાતો, જનાનખાનાં તથા સંગેમરમરથી કંડારેલા દીવાને આમ અને દીવાને ખાસ જોતા ચાલ્યા."[3] અહીં જણાય છે કે લેખક પોતે એ જગ્યાઓની જાણે રૂબરૂ મુલાકાત લીધી હોય તેમજ અમૂક સમયે તો આવા વર્ણન વાંચીને વાંચકને પણ ફરવા જવાનું મન થતું હોય છેં. વ્યક્તિ અને વસ્તુનાં વર્ણનનું નાનું અને રમૂજી **દૃષ્ટાંત** આપીએ તો ૨૫ વર્ષનો નિકુલ કેવો લાગતો હશે

એ તો લેખકે વાચકને બતાવ્યુ જ છે. પરંતુ નિકુલ જ્યારે જ્યારે બાઇક લઇને નિકળ્યો હોય ત્યારે જેમ એ પોતે ટોપો (હેલ્મેટ) લેવાનું નથી ભૂલ્યો એમ લેખક પણ તે બાબતને આલેખવાનુ નથી ભૂલ્યા.

આમ, લેખક વિસ્તૃત વર્ણનની સાથે-સાથે વાચકના મન સુધી કથાને પણ વિસ્તારી શક્યા છે. અને સીધી, સાદી, સરળ, શુદ્ધ ગુજરાતી ભાષા તેમજ ક્યાંક ક્યાંક અંગ્રેજી વાક્યો તથા શબ્દ- પ્રયોગ, ફ્લેશબેક, અણધાર્યા કમબેક ઘણીવાર આંખો પહોળી થઇ જાય એવા અણધાર્યા બનાવો સાથે લેખક ટૂંકી જીંદગીને લાંબી સફર કરાવી ભાવક સુધી પહોંચાડે છે.

## **સંદર્ભ :**


૧. 'લાંબી સફર ટૂંકી જિંદગી', વિઠ્ઠલ પંડ્યા, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ/અમદાવાદ, પુનર્મુદ્રણ : ૨૦૧૨, પૃ. ૧૯૭

૨. એજન, પૃ. ૧૦

૩. એજન, પૃ. ૨૩